# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : જયદીપ વૈષ્ણવ

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ-૨૨-૦૯-૨૦૨૪** **સમય-સાંજે-૬.૨૫**

-----------------------------------------------------------------------------------------

## ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ :

દિવાળી પૂર્વે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળને રોકવા માટે આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે.આ માટે રાજ્યવ્યાપી તપાસ શરૂ કરાશે.ખાસ કરીને મીઠાઈની દુકાનોમાં રૉ મટિરિયલ,ઘી સહિતના સંગ્રહિત ખાદ્ય પદાર્થોની તપાસ કરવામાં આવશે.ફૂડ એન્ડ ડ્રગ્સ કમિશ્નર ડૉ.એચ.જી.કોશિયાએ જણાવ્યું છે કે 2 મેટ્રિક ટનથી વધુ ઉત્પાદન થતું હોય એવા આઉટલેટમાં તપાસ સાથે કેમેરા રેકોર્ડિંગ પણ હાથ ધરાશે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------------------------

## મોટા યક્ષનો મેળો :

નખત્રાણા તાલુકાના મીની તરણેતર સમા મોટા યક્ષના મેળાનું આજે ગુજરાત રાજ્યના પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાના હસ્તે વિધિવત રીતે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.મેળામાં ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના કેન્દ્રીય સંચાર બ્યુરો ભુજ દ્વારા વિકસિત ભારત @2047 વિષય અંતર્ગત આયોજિત મલ્ટીમીડિયા પ્રદર્શનનું મુળુભાઇ બેરાના હસ્તે કરવામાં આવ્યું. આ તકે કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા,કચ્છના ધારાસભ્યો,જિલ્લા અને નખત્રાણા તાલુકાના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ મેળો 25 સપ્ટેમ્બર સુધી ચાલશે.18 એકરના સમિયાણામાં ચકડોળ, રમકડા, કટલેરી,મનોરંજન સહિતના 700 સ્ટોલ ઊભા કરાયા છે.જેના પર તથા વિવિધ શેરીઓમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે.ચાર દિવસ દરમિયાન ભીખુ ઋષિની તળેટીમાં ધ્વજારોહણ,સંતવાણી,યક્ષ દાદાની પેડી,રામદેવપીર મહારાજનું આખ્યાન,બખ મલાખડો સહિતના કાર્યક્રમો યોજાશે.કાયદો વ્યવસ્થા માટે 300 જેટલા પોલીસ તેમજ મહિલા પોલીસ  મુકાયા છે તથા આરોગ્યની ટીમ, ફાયર ફાઈટર, એમ્બ્યુલન્સની સુવિધા ઉભી કરાઈ છે.

**માહિતી ખાતું/જયદીપ વૈષ્ણવ**

-----------------------------------------------------------------------------------------

## મોચીરાઈ નર્સરી :

આજરોજ વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ ભુજ તાલુકામાં આવેલી વન વિભાગની મોચીરાઈ નર્સરીની મુલાકાત લઈને કચ્છમાં ચાલી રહેલી સામાજિક વનીકરણની કામગીરીની સમીક્ષા કરી હતી.મુખ્ય વન સંરક્ષક ડૉ.સંદિપકુમાર, સહિતના અધિકારીઓએ કચ્છ જિલ્લામાં વન વિભાગ દ્વારા કરાતી વિવિધ કામગીરીઓ વિશે વિગતો આપી હતી.આ મુલાકાત પ્રસંગે ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ,અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા સહિત કચ્છ વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**માહિતી ખાતું**

-----------------------------------------------------------------------------------------

## માતાના મઢ એસ.ટી બસ  :

નવરાત્રિમાં કચ્છ ઉપરાંત અન્ય જિલ્લા અને છેક મુંબઈથી શ્રદ્ધાળુઓ માતાના મઢમાં દર્શનાર્થે આવે છે.આ વર્ષે પણ નવરાત્રિ પૂર્વે અને નોરતા દરમિયાન મુસાફરો

માટે એસટી દ્વારા વધારાની બસો દોડાવાશે.29મી સપ્ટેમ્બરથી 10મી ઓકટોબર સુધી 12 દિવસ દરમિયાન 1 કરોડ રૂપિયાની આવકના લક્ષ્યાંક સાથે 150થી 170 બસો દોડાવવાનું આયોજન કરાયું છે તેમ કચ્છ એસ.ટી. વિભાગીય નિયામક યોગેશભાઈ પટેલે જણાવ્યું હતું.નવરાત્રી દરમિયાન પૂરતા પ્રમાણમાં વીજ પુરવઠો જળવાઈ રહે તે માટે વીજ તંત્ર દ્વારા કામગીરી શરૂ કરાઈ છે.માતાનામઢ તેમજ આસપાસના વિસ્તારમાં ખુલ્લા પડેલા વાયરોને અંડરગ્રાઉન્ડ કરવા,નવા ટ્રાન્સફોર્મર લગાડવાનું કામ હાથ ધરાયું છે.અંદાજિત 40 લાખના ખર્ચે કરવામાં આવતી આ કામગીરીમાં ભુજ તેમજ નખત્રાણા વીજ તંત્રની ટીમો જોડાઈ છે.

**NP-જયદીપ વૈષ્ણવ**

---------------------------------------------------------------------------------------

## ભારત-બાંગ્લાદેશ ક્રિકેટ :

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ચેન્નઈમાં રમાઈ રહેલી ટેસ્ટ શ્રેણીની પહેલી મેચમાં ભારતે બાંગ્લાદેશને 280 રનથી હરાવ્યું છે.આ સાથે ભારત 2 મેચની શ્રેણીમાં એક–શૂન્યથી આગળ છે.ભારતે કુલ 515 રન બનાવ્યા હતા.આ લક્ષ્યાંકનો પીછો કરતાં બાંગ્લાદેશ ચોથા દિવસે તેની બીજી ઇનિંગમાં 234 રન બનાવી ઑલ-આઉટ થઈ ગયું હતું.ભારત તરફથી આર.અશ્વિને 6 વિકેટ લઈ જીતમાં મહત્વનો ફાળો આપ્યો હતો.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------------------

## ભુજ પાલિકા બેઠક :

ભુજ નગરપાલિકામાં મળેલી કારોબારી સમિતિની બેઠકમાં શહેરને મહાનગરપાલિકાનો દરજ્જો મળે તેની દરખાસ્ત પ્રાદેશિક નિયામકને મોકલવાનો ઠરાવ કરાયો હતો.શહેર હવે 56 ચોરસ કિલો મીટરની ત્રિજ્યામાં વિસ્તરી ગયું છે ત્યારે જો મહાનગરપાલિકાનો દરજ્જો મળે તો મંજૂર મહેકમ વધી જાય,યોગ્ય લાયકાતવાળા કાયમી ઈજનેરો,કમિશનર જેવા ઉચ્ચ અધિકારી મળે, ગ્રાન્ટો અને તેની રકમ વધી જાય તેમ છે તેવો સૂર બેઠકમાં વ્યક્ત થયો હતો.

**NP-જયદીપ વૈષ્ણવ**

---